| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૧/૦૭/૨૦૨૩ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૯૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૪૧ લીટર દેશી દારૂ, ૧૨૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૧ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૯૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૧૯૮/૨૦૨૩

**ખોખરાઃ** દિપકસિહ ભરતસિહ પરમાર (રહે. નારાયણનગર આર્યોદય સોસાયટી સામે મદ્રાસી મંદીર પાસે ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૭/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૨૦/૦૭/૨૦૨૩ કલાક ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની સ્લાઇડર બારી ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાના દાગીના, મોબાઈલ ફોન નંગ-૩ અને રોકડ રૂપિયા ૪૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

### વિજ કરંટ લાગતા મૃત્યુઃ- સમાચાર યાદી નં.૧૧૯૯/૨૦૨૩

**નિકોલઃ** દસકોઈ કઠવાડા જીઆઇડીસી સૃષ્ટિ એન્જિનિયરિંગ કંપનીની અંદર પ્લોટ નંબર-૩૮૬ રોડ નંબર-૯ ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા પ્રવિણભાઈ મનજીભાઈ ચરપોટા (ઉ.વ.૨૩) (મૂળ વતન. ગામ-ભરવાડા તા-કુવાલા જી-બાસવાડા રાજસ્થાન) તા.૨૦/૦૭/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે સૃષ્ટિ એન્જિનિયરિંગ કંપનીની અંદર વેલ્ડીંગ તેમજ કલર કામ કરતા હતા દરમ્યાન એર કોમ્પ્રેસનો વાલ્વ ચાલુ કરવા જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સિંગરવા સરકારી હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ જગમલભાઈ સુકાજી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૦/૨૦૨૩**

**માધવપુરાઃ** ગૌરીબહેન ડો/ઓ પ્રભાતભાઈ દંતાણી (ઉ.વ.૫૦) (રહે. ગલાજીની ચાલી નંબર-૩ સરકારી લીથો પ્રેસ સામે દુધેશ્વર માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી પુષ્પાબહેન ભાવેશભાઈ ચલાવે છે.

**શહેરકોટડાઃ** તુષારભાઇ હસમુખભાઇ પટેલ (ઉ.વ.૨૯) (રહે. નાની વાસણશેરી સરસપુર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૦૨૩ સવારના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુક સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિહ જગતસિહ ચલાવે છે.

**વેજલપુરઃ** જાકીરહુસેન મયુદ્દીનભાઇ મલેક (ઉ.વ.૫૨) (રહે. ફાતમા રેસીડેન્સી કસ્વાપાર્કના મેદાન પાસે કેનાલ પાછળ ફતેવાડી) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૭/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે અગમ્ય કારણસર પોતાના ઘરે પંખા સાથે કાપડની પટ્ટી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણછોડભાઇ મથુરભાઇ ચલાવે છે.

**દરિયાપુરઃ** નિલેશભાઈ રમેશકુમાર પટેલ (ઉ.વ.૩૪) (રહે. વચલી કોટ શેરી દરિયાપુર) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૭/૨૦૨૩ રાતના ૯/૪૫ વાગ્યા પહેલા અગમ્ય કારણસર પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દરિયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**દાણીલીમડાઃ** રાહુલ મુકેશભાઇ પરમાર (ઉ.વ.૨૫) (રહે. શ્રી શક્તિ સોસાયટી આંબેડકર ચોક દાણીલીમડા ગામ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૭/૨૦૨૩ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેને એલ.જી હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરાગકુમાર પ્રફુલચંદ્ર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી